**ધોરણ 8 સામાજિક વિજ્ઞાન**

**ch 18**

**8th s.s**

**તારીખ : 02-10-2021**

**સમય : 0 મિનિટ**

**કુલ ગુણ : 17**

*** માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો 1 ગુણ)** **[3]**

1. સામાજીક ન્યાય એટલે શું?

**જવાબ :** સામાજીક ન્યાય એટલે કોઈપણ જાતનો પક્ષપાત કે પૂર્વગ્રહ રાખ્યા વિના, સમાજના તમામ સભ્યોની ક્ષમતાઓનો સર્વોચ્ચ સંભવિત વિકાસ થાય તે સુનિશ્ચિત કરવું.

2. સામાજિક અસમાનતાની પરિસ્થિતિ એટલે શું?

**જવાબ :** સામાજીક અસમાનતા વ્યક્તિને મળતા અધિકારો અને તકોના સંદર્ભે સમાન ન હોવાની પરિસ્થિતિ.

3. વ્યક્તિને માનવ-અધિકારી કઈ રીતે ઉપયોગી છે?

**જવાબ :** વ્યક્તિને ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે માનવ – અધિકારો ઉપયોગી છે.

*** નીચે આપેલ પ્રશ્નોના સંક્ષિપ્ત જવાબ આપો : (દરેક પ્રશ્નના 2 ગુણ છે.)** **[6]**

4. સામાજીક કુરિવાજોથી સમાજમાં કઈ અસમાનતા ઊભી થાય, કોઈ એક ઉદાહરણ આપી સમજાવો.

**જવાબ :**

- સમાજમાં અનેક પ્રકારના કુરિવાજો હતાં. દા.ત. ભારતીય સમાજ પુરુષ પ્રધાન સમાજ હોવાથી દિકરીઓને દિકરા જેટલું મહત્વ આપવામાં આવ્યું નહોતું.
- જેને પરિણામે દિકરીઓને દૂધ પિતિ કરવી, બાળ લગ્ન, વિધવા જીવન, નિરક્ષરતા જેવી અસમાનતા સમાજમાં જોવા મળી.
- એક તંદુરસ્ત સમાજ માટે સ્ત્રી-પુરુષનો એક સમાન વિકાસ થાય તે જરૂરી છે.
- અને તેથી જ વર્તમાન સમયમાં સરકારી કાયદાઓ, યોજનાઓનું સમાજસુધારકોની જાગૃતિ દ્વારા આ કુરિવાજને પરિણામે શોષીત સ્ત્રીઓના વિકાસ માટે નવી રાહ ચીંધાઈ છે.

5. ચૌદ વર્ષની ઉંમરના બાળકને રેસ્ટોરેન્ટમાં કામ આપવું યોગ્ય ગણાય? શા માટે?

**જવાબ :**

- ચૌદ વર્ષની ઉંમરના બાળકને રેસ્ટોરેન્ટમાં કામ આપવું અયોગ્ય છે. કારણ કે, રેસ્ટોરેન્ટમાં કામ કરવાથી બાળક તેના શિક્ષણ મેળવવાના બાળ અધિકારથી વંચિત રહે છે.
- ઉપરાંત, ભારતીય કાયદા અનુસાર બાળ મજૂરીએ દંડનીય અપરાધ છે.

6. શિક્ષણથી વંચિત રહેનાર વ્યક્તિને કેવી-કેવી સમસ્યાઓ નડતી હશે?

**જવાબ :**

- શિક્ષણથી વંચિત રહેનાર વ્યક્તિને સમાજમાં અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.
- જેમ કે, સમાજમાં તેનું સ્થાન નિમ્ન હોય છે. આર્થિક રીતે શોષણ થાય છે. સામાજીક મોભો ઓછો હોવાથી માનસિક વ્યથા અનુભવે આંતરિક અસલામતિ અને લઘુતાગ્રંથીથી પિડાય છે.
- આત્મ વિશ્વાસ ના અભાવને કારણે સરળતાથી અન્ય વ્યક્તિઓ સાથે હળી મળી શકતા નથી.

*** નીચે આપેલ પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો : (દરેક પ્રશ્નના 3 ગુણ છે.)** **[3]**

7. સામાજિક અસમાનતાની આર્થિક સ્થિતિ પર કેવી અસરો થાય છે?

**જવાબ :** સામાજિક અસમાનતાની વ્યક્તિની આર્થિક સ્થિતિ પર આ પ્રમાણેની અસરો થાય છે: (1)ઓછી આવક ધરાવતા ગરીબ લોકો અને પછાત વર્ગો પ્રગતિ કરી ન શકે એવી સ્થિતિમાં મુકાઈ જાય છે. (2) એ લોકો પાસે વિકાસ કરવાની સુવિધા હોતી નથી, (3) તેઓ અન્યાયની સામે પ્રતિકાર કરવાની ક્ષમતા ધરાવતા નથી. ( 4 ) તેઓ શોષિત અને વંચિત રહી જાય છે. (5) તેઓ વંશપરંપરાગત ગરીબીનો ભોગ બને છે. (6 ) તેઓને બે ટંક પૂરતું ભોજન પણ મળતું નથી. તેમની પાસે રહેવા માટે પૂરતા પ્રમાણમાં મોકળાશવાળી જગ્યા પણ હોતી નથી. ( 7 ) તેઓને ગંદા વિસ્તારોમાં રહેવું પડે છે. (8) તેઓ અનેક નાના-મોટા રોગોથી પીડાતા હોય છે. (9) તેમનાં બાળકોને ભણવાની ઉંમરે મજૂરી કરવી પડતી હોય છે. (10) તેઓને પોષણયુક્ત આહાર મળતો નથી. તેથી તેઓ શારીરિક રીતે અશક્ત હોય છે.

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 5 ગુણ છે.)** **[5]**

8. બાળ અધિકાર એટલે શું? બાળકોને કયા કયા બાળ અધિકારો મળે છે?

**જવાબ :** બાળકોને તેમના સર્વાંગી વિકાસ માટે મળેલા અધિકારોને ‘બાળ અધિકાર’ કહેવામાં આવે છે. બાળકો એ દેશના આવતી કાલના નાગરિકો છે. તેઓ રાષ્ટ્રની સંપત્તિ છે. જો બાળકો શિક્ષિત અને સંસ્કારી હશે તો તેઓ સારાનાગરિકો બનીને કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં યથાશક્તિ ફાળો આપી શકશે. આવા નાગરિકો રાષ્ટ્ર માટે આશીર્વાદરૂપ અને વરદાનરૂપ બની શકે છે. બાળકોની શારીરિક, માનસિક અને બૌલિક શક્તિઓનો વિકાસ કરી તેમને સ્વસ્થ અને



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જવાબદાર નાગરિકો બનાવવા માટે બાળ અધિકારો તેમને સુરક્ષા પૂરી પાડે છે. ( 1 ) જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ કે રાષ્ટ્રીયતાના કોઈ પણ ભેદભાવ વિના પ્રત્યેક બાળકને જીવન જીવવાનો જન્મસિદ્ધ અધિકાર છે. ( 2 ) માતાપિતા દ્વારા બાળકોનું યોગ્ય રીતે પાલનપોષણ થાય એ રીતનો દરેક બાળકને અધિકાર છે. (3) પોતાના વ્યક્તિત્વનો વિકાસ સાધી શકે એ માટે દરેક બાળકને શિક્ષણ મેળવવાનો મૂળભૂત અધિકાર છે. (4) દરેક બાળકને તેની વયકક્ષાને અનુરૂપ રમતગમત અને મનોરંજનની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ તંદુરસ્ત, સ્વસ્થ અને આનંદી જીવન જીવવાનો અધિકાર છે. (5) દરેક બાળકને તેના અંતઃકરણ મુજબ ધર્મ અને તેના સમુદાયમાં રહેવાનો અને પોતાની સંસ્કૃતિ જાળવવાનો અધિકાર છે. (6) દરેક બાળકને પોતાની અભિવ્યક્તિ કરવાનો અધિકાર છે. (7) દરેક બાળકને શારીરિક કે માનસિક શોષણ, હિંસા અને યાતનાઓ સામે રક્ષણ અને સલામતી મેળવવાનો અધિકાર છે. ( 8 ) દરેક બાળકને સામાજિક સુરક્ષા દ્વારા સામાજિક વિકાસ સાધીને તંદુરસ્ત જીવનધોરણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

----- -----



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in